# ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસ

Indian Youth Congress

રાજીવ ગાંધી ભવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૬

અખબારી યાદી તા. 25-07-2022

૨૦૧૯ બિનસચિવાલય પરીક્ષામાં વિદ્યાર્થીઓને અન્યાય થયો છે, કોંગ્રેસ પક્ષ દ્વારા જે તે સમયે આંદોલન થયુ ત્યારે પણ કોંગ્રેસ પક્ષ, યુવક કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ.ના સ્પષ્ટ જણાવ્યું હતું કે, આગેવાનોએ ભાજપ પક્ષ આ પેપરફોડમાં સીધોસીધી જોડાયેલ છે. તેની સાબિતિ કરતો ભાવનગર ભાજપના જિલ્લાના સંયોજક વૈભવ જોષીનો વિડિયો વાયરલ થયો છે. આ વિડિયોમાં ગુજરાતનું ભવિષ્ય એવા યુવાનોના ભવિષ્યને રોળતું ભાજપના ભ્રષ્ટાચારી શાસન ને ઉજાગર કર્યું છે. જે રીતે આ વિડિયોમાં ભાજપના નેતા ખુલાસો કરી રહ્યાં છે. તે રીતે જોતા પુરા ગુજરાતમાં જીલ્લે-જીલ્લે ભાજપના એજન્ટ હોય તેવુ જાહેર થાય છે. આ વિડિયોમાં શિક્ષણ કક્ષાના અધિકારી કોર્પોરેશનના અધિકારી તેમજ પેપર સોલ્વ કરવાવાળા શિક્ષકોને અલગ અલગ રીતે પૈસા આપી કૌભાંડ આચર્યુ છે ત્યારે આ બાબતે તે ત્રણ દિવસ થયા હોવા છતાં સરકાર દ્વારા કોઈ પણ પગલા લેવામાં આવ્યા નથી. છાસવારે સામાન્ય નાગરિકોને દંડ અને દંડા ફટકારતી સરકાર ગુજરાતના લાખો યુવાનોની કારકિર્દી સાથે રમત રમતા ભાજપા - સત્તાધારી પક્ષના તત્વો સામે કેમ પગલા ભરતી નથી ? ભાવનગરમાં પેપરફોડ કાર્યક્રમના ભાજપા સંયોજક જેમજ બીજા ક્યાં ક્યાં જીલ્લાઓમાં સંયોજકોને ગેરરીતિ, પેપરલીંક, પેપરફોડની જવાબદારી સ્વિકારી છે ?

યુવક કોંગ્રેસની માંગ છે કે, બિન સચિવાલય ભરતી કૌભાંડ ૨૦૧૯માં સંડોવાયેલા તત્વો સામે તાત્કાલિક ધોરણે કડકમાં કડક પગલા લેવામાં આવે અને યુવાનોને ન્યાય મળે. જો સરકારી ભરતી કૌભાંડમાં પગલા લેવામાં નહિ આવે તો ભાવનગર થી આંદોલન શરૂ કરવામાં આવશે. સમગ્ર ગુજરાતમાં આંદોલનાત્મક કાર્યક્રમો આપવામાં આવશે. આ વિડિયોને પત્રકાર પરિષદમાં જાહેર કરતા ગુજરાત યુવક કોંગ્રેસના પ્રદેશ મહામંત્રીશ્રી આદિત્યસિંહ ગોહિલ, ભાવનગર યુવક કોંગ્રેસ પ્રમુખશ્રી બળદેવભાઈ સોલંકી અને ગુજરાત યુવક કોંગ્રેસ મંત્રીશ્રી વિરલસિંહ કટારીયાએ જાહેર કરેલ છે તથા ગુજરાત પ્રદેશ યુવક કોંગ્રેસના મહામંત્રીશ્રી ઉપેન્દ્રસિંહ જાડેજા જોડાયા હતા.

આદિત્યસિંહ ગોહિલ
મહામંત્રી